ડી.સી.ગાંધી
કાર્યપાલક ઈજનેર
રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ.

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩
FAX NO. 0261-2422110

અપીલ અરજી તા.૦૧/૦૯/૨૦૧૫
**RDD/OUT NO.......,**
**DT.13-10-2015**

**અરજદાર** :– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ

**સામાવાળા** :– (૧) ડેપ્યુટી ઈજનેરશ્રી અને જાહેરમાહિતી અધિકારીશ્રી (રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ)
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારીશ્રી (રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ)

**ફરિયાદની હકીકત** :–

**વિષય** :– અરજદારની અરજી આઈ.ડી.નં.૧૦૫૨, તા.૨૯/૦૭/૨૦૧૫ થી માંગવામાં આવેલ માહિતી અંગેના મુદ્દા નં.૪.

**સંદર્ભ** :– (૧) અરજદાર મજકુરની આઈ.ડી.નં.૧૦૫૨, તા.૨૯/૦૭/૨૦૧૫ રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટને આર.ડી.ડી. ખાતું/ઈન./નં. ૮૮૧, તા.૩૧/૦૭/૨૦૧૫ થી મળેલ.
(૨) અપીલ અરજી તા.૦૧/૦૯/૨૦૧૫.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ દ્વારા સેન્ટ્રલ ઝોનમાં તા.૩૧/૦૭/૨૦૧૫, આઈ.ડી.નં.૧૬૨૫ થી અરજી કરી મુદ્દા નં.(૧) થી (૬) ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.(૪) અત્રેના વિભાગને સ્પર્શતો હોઈ અત્રેના વિભાગના પત્ર નં. આર.ડી.ડી./આ./નં.૬૨૫, તા.૦૧/૦૯/૨૦૧૫ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી તમો નારાજ થઈ અપીલ અધિકારીશ્રીને તા.૦૧/૦૯/૨૦૧૫ થી અરજી કરેલ.

ઉપરોકત આપના અપીલના અનુસંધાનમાં આપને મુદ્દા નં.(૪) ને લાગુ માહિતી/ પુરાવાની જરૂરીયાત હોઈ તો તે મેળવી લેવા અત્રેના પત્ર નં.આરડીડી/આ./નં.૬૩૭, તા.૦૪/૦૯/૨૦૧૫ થી રૂબરૂ તા.૧૦/૦૯/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાક બાદ ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ ચકાસણી કરી જરૂરીયાત મુજબની નકલો ફી ભરી મેળવી લેવા જણાવવામાં આવેલ. સદર રોજ સંજોગવસાત આપ હાજર રહેલ ન હોઈ, માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારી દ્વારા આપને ટેલીફોનીક સંપર્ક કરેલ. પરંતુ આપ દ્વારા રૂબરૂ ન આવી અત્રેના વિભાગ મારફત આપવામાં આવેલ માહિતી સંતોષકારક હોવાનું જણાયેલ.

## –: હુકમ :–

અજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તથા રૂબરૂ આપના પ્રતિનિધિ સાથે થયેલ ચર્ચાને ધ્યાને લેતા નીચે મુજબનો અપીલનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી દ્વારા તમોને અત્રેના પત્ર નં.આરડીડી/આ./નં.૬૨૫, તા.૦૧/૦૯/૨૦૧૫ થી માંગ્યા મુજબની માહિતીનો જવાબ આપવામાં આવેલ. સદર જવાબની નારાજ થયેલ આપના દ્વારા તા.૦૧/૦૯/૦૧૫ ના પત્રથી પ્રથમ અપીલ કરવામાં આવેલ. સદર અપીલના અનુસંધાને અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (આર.ડી.ડી.) દ્વારા તા.૦૪/૦૯/૨૦૧૫ ના પત્રથી તા.૧૦/૦૯/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ આવી રેકર્ડ તપાસી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. સંજોગવસાત આપ નિયત સમયમાં હાજર રહી શકેલ ન હોય, અને અત્રેથી પાઠવેલ જવાબથી આપ સંતુષ્ટ હોઈ એમ જણાયેલ છે. જેથી હવે પછી કોઈ માહિતી આપવાની રહેતી નથી.

કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી
રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ
સુરત મહાનગરપાલિકા, સુરત

પ્રતિ,
શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ